ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૯ ટકા

# શહેરની પોસ્ટ ઓફિસોમાં વારંવાર ‘સર્વર ડાઉન’ની સમસ્યાથી હાલાકી

## પગાર-પેન્શનની તારીખોમાં જ સેવાનું સર્વર ડાઉન થઈ જતાં વરિષ્ઠ વડીલો સહિતના નાગરિકોને ધરમધક્કા : લાંબા સમયથી આ સમસ્યા સર્જાતી હોવા છતાં કોઈ કાયમી ઉકેલ આવતો નથી : લાંબીલચક લાઈનોમાં કંટાળતા ગ્રાહકો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં પોષ્ટ ઓફિસોમાં ‘સર્વર ડાઉન’ની સમસ્યાએ ભરડો લીધો છે. કર્મચારીનગર એવા પાટનગરમાં મોટા ભાગની પોષ્ટ કચેરીઓમાં છેલ્લા ઘણા દિવસોથી સતત સર્વ ડાઉન હોવાની સમસ્યાને કારણે નાગરિકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે અને ખાસ કરીને અત્યારના કોરોનાકાળમાં પગારના દિવસોમાં જ પોષ્ટ કચેરીઓનું કામકાજ ટલ્લે ચઢી રહ્યું હોવાથી શહેરના વડીલ પેન્શનર્સ સહિત અનેક સરકારી કર્મચારીઓને પણ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે તેમજ વિધવા સહાય યોજનાની લાભાર્થી મહિલાઓ પણ મુશ્કેલી ભોગવી રહ્યા છે. પહેલા સે-૭માં સર્વર ડાઉનની સમસ્યા ઉઠવા પામી હતી હવે સે-૭ની કચેરી સાથે સે-૨૬, ૨૭, ૩૦ સહિતની અનેક કચેરીઓમાં પણ આજ સ્થિતિ સર્જાઈ રહી છે.

ગાંધીનગરમાં લગભગ ૮૦ ટકાથી વધુ સરકારી કર્મચારીઓની વસ્તી છે અને



લગભગ તમામ કર્મચારીઓને પોષ્ટ ઓફિસની સેવાઓની નિયમિત જરૂર પડે છે. જેમાં નાની બચત યોજના, દૈનિક બચત યોજના, કિસાન વિકાસ પત્ર કે રાષ્ટ્રીય બચતપત્ર સહિત કોઈ ટૂંકા કે લાંબા ગાળાની બચત હોય, પોષ્ટલ ઈન્શ્યુરન્સ હોય કે પોષ્ટ ઓફિસની અન્ય સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે. કર્મચારીઓ ઉપરાંત શહેરમાં નિવૃત્ત પેન્શનર્સની સંખ્યા પણ મોટા પ્રમાણમાં વસે છે જેઓને પણ ઉપરોકત સહિત પેન્શન મેળવવા વગેરે જેવા કામો માટે પોષ્ટ ઓફિસની સેવાની જરુર પડે છે અને તેમના માટે પેન્શન એક જ સહારો હોય તેવી સ્થતિ પણ હોય છે. એક તરફ શારીરિક રીતે અશકત બન્યા હોય, વયોવૃધ્ધ હોય જેના કારણે વારંવાર ધક્કા ખાવા કે લાંબા સમય સુધી રાહ જોવી એ કપરું કાર્ય હોય ત્યારે પોષ્ટ ઓફિસમાં ‘સર્વર ડાઉન’ના કારણે આ પ્રકારની પરેશાની ભોગવાની આવે તે દયનીય સ્થિતિ સર્જે છે. વળી, અત્યારની કોરોના સંક્રમણની જોખમની પરિસ્થિતિમાં વારંવાર પોષ્ટ કચેરી ખાતે જવું કે લાંબા સમય સુધી રોકાવું તે જોખમકારક બની જાય છે પરંતુ સર્વર ડાઉનના કારણે તેમના કાર્યો સમયસર થતા નથી જેના માટે તેમને રાહ જોવી પડે છે કે ધક્કા ખાવા પડે છે. આ સમસ્યા અંગે શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા પણ વારંવાર રજૂઆતો કરવામાં આવી રહી હોવા છતાં પણ પોષ્ટ ઓફિસની ‘સેવાનું સર્વર’ ડાઉન જ અનુભવાઈ રહ્યું છે. સતત ખાડે જઈ રહેલી સેવાને કારણે દરરોજ અઢળક નાગરિકોનો સમય વેડફાઈ રહ્યો છે અને ઘણા કર્મચારીઓ તો ચાલુ નોકરીએ થોડોક સમયની છુટ્ટી લઈને કે રીશેષ ટાઈમમાં અથવા અડધા દિવસની રજા મુકીને પોતાનું કામ પતાવવા આવ્યા હોય છે જે લટકતું રહી જતા તેમના માનસિક તણાવમાં વધારો થાય છે જેના કારણે પોષ્ટના કર્મચારીઓ સાથે ઘર્ષણ પણ થવા પામે છે. સરકારી કર્મચારીઓ સિવાય અન્ય નાગરિકો, વિધવાઓ વગેરેને પણ પોષ્ટ કચેરીએ પોતાના કાર્યો માટે સેવા મળતી ના હોવાથી પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

# શહેરના ૮૨ વર્ષીય વાસુદેવભાઈ ત્રિવેદીએ કોરોનાને માત આપી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં સેકટર-૩ ડી ખાતે રહેતા અને જાણીતા એડવોકેટ



અશ્વિન ત્રિવેદી તથા બીજ નિગમના અંગત સચિવ તરીકે ફરજ બજાવતા પંકજ ત્રિવેદીના પિતા વાસુદેવ હરિલાલ ત્રિવેદી, ઉ.વ. ૮૨ના આ કોરોના મહામારીમાં મે મહિનામાં ન્યુમોનિયા થતા કોવિડ-૧૯માં સિવિલ હોસ્પિટલ દાખલ કરાયા હતા. જયાં સારવાર લઈ ઘરે પરત ફર્યા હતા. પરંતુ ત્યારબાદ તેમના પર સપ્ટેમ્બરના અંતમાં કોરોનાનો હુમલો થયો હતો. જેનો શ્રધ્ધાદિપ લેબમાં રિપોર્ટ પોઝીટીવ આવતા કવોરંટાઈન કરાયા હતા.

શાશ્વત હોસ્પિટલના યુવા તજજ્ઞ ડૉ. પાર્થ પંડયાની સલાહ મુજબ ઘરે જ ટ્રીટમેન્ટ કરી ડાયેટ પ્લાન તથા આવતા દિવસનું શિડયુલ બરાબર ગોઠવી તેને અનુસરતા તેમજ પુત્રવધુ અમી ત્રિવેદી, પત્ની શુભદ્રા તથા બંને પુત્રો અશ્વિન અને પંકજ તથા પૌત્રો દિવ્ય અને કુંજની સતત હૂંફથી પોઝીટીવ એટીટયુડ તથા સઘન સારવાર હેઠળ તેમની અત્યારે તબિયત તંદુરસ્ત અને સ્થિર છે તેમજ કોરોના રિપોર્ટ નેગેટીવ આવ્યો છે. વાસુદેવભાઈને કોરોના બિમારી દરમિયાન પૂછપરછ કરતા જણાવ્યું કે, ‘મે મહિનાથી લઈને સપ્ટેમ્બર મહિનામાં બબ્બેવાર કોરોનાને હરાવ્યો છે. આ દરમિયાન યુવા વયે તંદુરસ્તી અને પોષણક્ષમ ખોરાક લીધો હતો તે અત્યારે વૃધ્ધત્વમાં મને મદદ કરે છે. મારી એનસીસીમાં એક ઓફિસર તરીકે નોકરી દરમિયાન મજબૂત માનસિકતા બંધાઈ ગઈ અને સારવાર દરમિયાન પરિવારજનો અને ડૉ. પાર્થ પંડયાની સતત દેખરેખ, હૂંફ, કાળજી અને પ્રેમ મળતો રહ્યો. આ તમામ પરીબળોની મદદથી મેં કોરોનાને હરાવ્યો છે. અત્યારે કોરોનાના તમામ દર્દીઓને સલાહ છે કે પોતાના ડોકટરની સલાહ હેઠળ સકારાત્મક અભિગમ સાથે મજબૂત મનોબળથી આપણે કોરોનાને નિશ્ચિતપણે હરાવીશું.’

## ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના ઉપપ્રમુખ તરીકે દીલીપભાઈ સોલંકીની નિમણુંક



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના ઉપપ્રમુખ પદે દીલીપભાઈ વિઠ્ઠલભાઈ સોલંકીની નિમણુંક કરવામાં આવી છે. ઉપપ્રમુખ પદે દીલીપભાઈની વરણી બદલ પ્રમુખ શાન્તાબેન ચાવડા, મહામંત્રી ભરતભાઈ વાઘેલા, મંત્રી પ્રવિણભાઈ વાઘેલા, ખજાચી વિનોદભાઈ સાકરિયા અને સંગઠનમંત્રી મહેન્દ્રભાઈ વાઘેલાએ અભિનંદન પાઠવ્યા છે.

# સેકટર-૧૧ ખુલ્લા મેદાનમાંથી અને ખ-૭ કોર્નર પરથી સટ્ટો રમતા શખ્સો ઝડપાયા


## મોબાઈલ એપ્લીકેશન દ્વારા ચેન્નાઈ સુપરકીંગ્સ અને કીંગ્સ ઈલેવન પંજાબની વચ્ચે રમાતી મેચ પર સટ્ટો રમતો યુવક મળી આવ્યો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં આઈપીએલ મેચનો પગલે સટ્ટોડીયાની સિઝન શરુ થઈ છે. ત્યારે રાત્રીના અંધકારમાં ઘરેથી દુર ખુણે ખાંચરે બેસીને ઓનલાઈન મોબાઈલ પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે યુવકોને સેકટર-૨૧ અને ૭ પોલીસે દબોચી લીધા છે. જેમાં સેકટર-૨૬ કિશાનનગર ખ-૭ કોર્નર પરતી મેચ પર સટ્ટો રમતો યુવક પોલીસના હાથે ઝડપાયો છે. પોલીસે યુવક પાસેથી મોબાઈલ ફોન જપ્ત કરી બો યુવકો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ મોબાઈલ એપ્લીકેશન દ્વારા ચેન્નાઈ સુપરકીંગ્સ અને કીંગ્સ ઈલેવન પંજાબની વચ્ચે રમાતી મેચ પર સટ્ટો રમતો યુવક મળી આવ્યો હતો. પકડાયેલા યુવકનું નામ પુછતા તે સેકટર-૨૭ ખાતે રહેતો કુશલ હેમેન્દ્ર શાહ (ઉં.૩૦ રહે. પ્લોટ નં.૧૦૪૯ સ્વસ્તિક સોસાયટી) હોવાનું ધ્યાનો આપ્યું હતું. પાર્થ શ્રીમાળી નામના શખ્સો કુશલનો એપ અને યુઝર આઈડી આપ્યા હોવાનું ધ્યાનો આવ્યું હતું. પોલીસે રૂ. ૧૨ હજારનો ફોન જપ્ત કરી બો શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

જયારે બીજા બનાવમાં શહેરના સેકટર-૧૧ ખુલ્લા મેદાનમાંથી રાત્રીના સુમારે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો શખ્સને પોલીસે પકડી પાડ્યો છે. મુંબઈ ઈન્ડીયન્સ અને સનરાઈઝ હૈદરાબાદ વચ્ચે મેચ પર સટ્ટો રમી રહ્યો હતો. પોલીસે યુવકને નામ પુછતા તેણે મનિષ ઉર્ફે મનુ ગેલભાઈ ભરવાડ (ઉં.૩૧) સેકટર-૧૧ કાચા છાપરા ખાતે રહેતો હોવાનું જણાવ્યું હતું. યુવકને આઈડી અંગે પુછતા તેણે કોલવડાના શખ્સ મલાભાઈ રઈજીભાઈ રાવળ આપ્યું હોવાનું ધ્યાનો આવ્યું હતું. પોલીસે યુવક પાસેથી મોબાઈલ ફોન અને રૂ.૫૫૦૦ રોકડા જપ્ત કરીને બંન્ને યુવકો સામે ગુનો નોંધી ધોરણસરની તપાસ હાથ ધરી છે.



સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ઓનલાઈન ૨૩મી ગાંધી કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય વકતા કનુભાઈ દવે રહ્યા હતા. સંસ્થાની સર્વે બહેનો ઓનલાઈન આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હતી.


# બુધવારે સે-૭-સી નવરાત્રી મહોત્સવ સમિતિની વાર્ષિક સાધારણ સભા

ગાંધીનગર, તા.૫

કોરોના મહામારીના કારણે આ વર્ષે નવરાત્રીના આયોજન માટે સરકાર છુટ આપશે કે નહી તે અંગે હજુ અવઢવ ચાલી રહી છે. જો કે નાયબ મુખ્યમંત્રીના કહેવા મુજબ સરકાર શરતી છુટછાટ આપવાનું વિચારી રહી છે પરંતુ હજુ સુધી કોઈ સત્તાવાર નિર્ણય જાહેર કરવામાં આવ્યો નથી જયારે બીજી તરફ શહેરમાં શેરી ગરબાની નવરાત્રી સમિતિઓની બેઠકોનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ગાંધીનગરના સે-૭-સી ખાતે નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા તા. ૭મી ઓકટોબર બુધવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે શિવશકિત મંદિર ખાતે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

સેકટર-૭-સી નવરાત્રી મહોત્સવ સમિતિની વાર્ષિક સાધારણ સભામાં ગત વર્ષના હિસાબોની રજુઆત, આગામી નવરાત્રી મહોત્સવના આયોજન અંગે ચર્ચા તેમજ સમિતિના નવા હોદ્દેદારોની વરણી જેવા કાર્યો હાથ ધરવામાં આવશે. આ સાધારણ સભામાં સેકટર-૭-સીના વસાહતીઓને કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર ફરજિયાત માસ્ક પહેરીને જ મીટીંગમાં ઉપસ્થિત રહેવા સમિતિ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સુઘડ નર્મદા કેનાલમાં કુદકો મારી મહિલાનો આપઘાત





ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર નજીકથી પસાર થતી સુઘડ નર્મદા કેનાલમાં સેકટર-૬ ની મહિલાએ કુદકો મારીનો મોતનો વ્હાલું કર્યું છે. મહિલાએ કેનાલમાં કુદકો મારતા સ્થાનિક નાગરીકોએ બચાવ કામગીરી હાથ ધરી હતી. પરંતુ તે પહેલા મહિલા કેનાલમાં પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. બનાવ અંગે ફાયર બ્રિગેડનો જાણ થતા ત્તાત્કાલીક પહોંચી જઈનો ફાયર જવાનોએ મહિલાનો મૃતદેહ બહાર નીકાળ્યો હતો. બનાવ અંગે સ્થળ પર દોડી આવેલી અડાલજ પોલીસો અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સુઘડ નર્મદા કેનાલમાં આપઘાત કરનાર મહિલા ગાંધીનગર શહેરના સેકટર-૬ બી પ્લોટ નં.૬૧૪-૧ ખાતે રહેતા સોનલબા અશોકસિંહ ઝાલા (ઉં.૩૦) હોવાનું જાણવા મળ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સોનલબા સવારે ૭ વાગે ઘરેથી પીયર જવાનું કંઈને નીકળ્યા હતા. જયારે બપોરના સુમારે મહિલાનો મૃતદેહ કેનાલમાંથી મળતા પરિવાર અચંબામાં પડી ગયો હતો. મૃતક મહિલા પાસેથી કોઈ ચિઠ્ઠી કે કંઈ અન્ય મળી આવ્યું નથી. જેથી મૃત્યુંનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. સોનલબા ના પતિ અમદાવાદ સાયન્સ સીટી ખાતે ડ્રાઈવરની નોકરી કરે છે. સોનલબાના મૃત્યુંને પગલે પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવા અંગે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

**સુઘડ નર્મદા કેનાલમાં મોતની છલાંગ લગાવનાર મહિલા સાથે બાળક પણ જોડે હતું. પરંતુ દોડી આવેલા સ્થાનિક નાગરીકો અને તરવૈયાઓએ બાળકને બચાવી લીધો હતો. તેમ પ્રત્યક્ષદર્શીઓ જણાવી રહ્યા હતા. પરંતુ પોલીસ ચોપડે થી આ અંગે કોઈ જ નોંધ પ્રાપ્ત થવા પામી નથી.**

# બાલવા ચોકડી ખાતે એસટીનું પીકઅપ સ્ટેન્ડ બનાવવા માંગ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના બાલવા નજીક બાલવા ચોકડી ખાતે એસટી બસનું પીકઅપ સ્ટેન્ડ ના હોવાથી વિદ્યાર્થીઓ-વડીલો સહીતના મુસાફરોને ગરમીના દિવસોમાં કે વરસાદના સમયમાં તકલીફનો સામનો કરવો પડે છે. ગાંધીનગર-માણસા મુખ્ય માર્ગ પર સ્થિત બાલવા ચોકડી એક મહત્વનું પીકઅપ પોઈન્ટ હોવા છતાં આ સ્થળે કોઈ પીકઅપ સ્ટેન્ડ બનાવાયેલું નથી જે માટે આ વિસ્તારના ગ્રામજનોની લાંબા સમયથી માંગણી છે કે સ્થાનિક ધારાસભ્યની ગ્રાન્ટમાંથી એસટી પીકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવે તો આ હાલાકી દૂર થઈ શકે. સ્થાનિક અગ્રણી સુરેશભાઈ ત્રિવેદીના જણાવ્યા અનુસાર ‘વર્તમાન ધારાસભ્ય તેમની ગ્રાન્ટમાંથી આ માટે ફંડ મંજુર કરી આપવા તૈયાર હોવા છતાં વનસંરક્ષણ વિભાગ દ્વારા તે માટે જમીન આપવા આનાકાની શા માટે કરવામાં આવે છે? જો આ પીકઅપ સ્ટેન્ડ નહીં બને તો આ વિસ્તારના નાગરિકોને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.’

# લંડન ખાતે યોજાયેલા ગાંધી વંદનાના કાર્યક્રમમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વર્ચ્યુઅલી જોડાયા

ગાંધીનગર, તા.૫

રાષ્ટ્રપિતા યુગપુરુષ મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની ઉજવણી માત્ર ભારત જ નહી પરંતુ વિશ્વના અનેક દેશોમાં થવા પામી હતી. તા. ૨જી ઓકટોબરે ગાંધીજયંતિ નિમિત્તે લંડન ખાતે પણ ગાંધી વંદનાનો કાર્યક્રમ ‘પીડ પરાઈ જાણે રે...’ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વર્ચ્યુઅલી જોડાયા હતા અને પૂ. બાપુને શ્રધ્ધાસુમન અર્પિત કર્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભારતીયો સહિત બ્રિટીશ નાગરિકો પણ જોડાયા હતા.



ગાય-ભેંસ જેવા ઢોરોને શહેરમાં છુટા મુકી દેતા ભરવાડો મનપાના કર્મચારીઓને ઢોર પકડવાની કામગીરી કરવા દેતા નથી. ઢોર પકડ પાર્ટી આવે તે સાથે જ જે તે સ્થળે પહોંચી જતા પશુપાલકો ઢોરોને ભગાડી મુકે છે. રહેણાંક વિસ્તારમાં દોડ-પકડ જેવી આ રમત ચાલતા અકસ્માતનો ભય સર્જાય છે.

# કોરોનાની ચર્ચાના સ્થાને હવે ચૂંટણીની ચર્ચા

## ગાંધીનગર શહેરમાં હવે ચર્ચાનું કેન્દ્ર બદલાયું : મીના બજારની ચાની કીટલી હોય કે ઈન્ફોસીટીનું ખાણીપીણી માર્કેટ કોરોનાની ચર્ચા હવે ઓછી થઈ રહી છે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં થતી ચર્ચાઓનો વિષય હવે બદલાયો છે. છેલ્લા સાત સાત મહિનાથી કોરોનાની ચર્ચા કરીને કંટાળેલા વસાહતીઓ હવે અન્ય ચર્ચા તરફ વળ્યા છે. ખાસ કરીને આગામી દિવસોમાં યોજાનાર પેટા ચૂંટણી અને દેશમાં બની રહેલી તાજેતરની ઘટનાઓ અંગેની ચર્ચાએ જોર પકડયું છે.

છેલ્લા કેટલાય મહિનાઓથી ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોનાએ જાણે રીતસર કહેર મચાવ્યો છે. ગાંધીનગર પણ તેમાંથી બાકાત રહ્યું નથી. આપણી આસપાસ જ ઘણા કેસ જોવા મળે છે. આખાને આખા પરિવારો કોરોનાગ્રસ્ત બન્યા હોય તેવું જોવા મળ્યું છે. તહેવારો કે અન્ય સામાજિક પ્રસંગોની ઉજવણી હાલમાં બંધ હોવાથી લોકો સામે ચર્ચાનો એકમાત્ર ટોપીક કોરોના રહ્યો હતો. પહેલાં લોકડાઉન પછી અનલોક અને તે સાથે જ વધતાં કેસની ચર્ચા જયાં જુઓ ત્યાં થતી જોવા મળી હતી. મીના બજારમાં ચાની કિટલી હોય કે અન્ય કોઈ સ્થળ માત્રને માત્ર તમારે ત્યાં કેટલા કેસ આવ્યા, તેનાથી બચવાના ઉપાયો શું કે કોરોના કયારે જશે તેની ચર્ચાઓ જ થતી જોવા મળતી હતી. જો કે છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાની ચર્ચાઓ સાઈડલાઈન થઈ ગઈ છે. હવે તેનાથી લોકો કંટાળ્યા છે. કોરોનાથી જાણે ટેવાઈ ગયા હોય તેમ ચર્ચાના વિષયો બદલાઈ રહ્યા છે. ટૂંક સમય પહેલાં જ ગુજરાતની પેટા ચૂંટણીની જાહેરાત થઈ છે. ચૂંટણી ટૂંક સમયમાં યોજાશે ત્યારે ચૂંટણીની ચર્ચાઓએ જોર પકડયું છે. કોણ કઈ બેઠક પરથી લડશે અને કોણ આ વખતે બાજી મારી જશે તેની ચર્ચાઓ થતી સંભળાય છે. આ ઉપરાંત શાળાઓ કયારે ખૂલશે, કેટલી ફી ભરવાની રહેશે તેની ચર્ચાઓ પણ કયાંક સંભળાય છે. જયારે યુવાનોમાં આઈપીએલ ક્રિકેટ કે નવી વેબ સીરીઝની ચર્ચાઓ થઈ રહી છે સાત સાત મહિનાના દુ:ખદ સમયને પસાર કરનાર નાગરિકો હવે અન્ય ચર્ચાઓ તરફ વળી રહ્યા છે અને જનજીવનને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર હિરાબેન કોદરજી, ઉ.વ. ૫૭, જુના બબલપુરા, તા. દહેગામ
- સ્વ. પટેલ બચીબેન રતિભાઈ, ઉ.વ. ૭૫, આલમપુર, તા. ગાંધીનગર
- સ્વ. ધનજીભાઈ ખોડીદાસ રાઠોડ, ઉ.વ. ૬૫, મુ. મહેસાણા
- સ્વ. રમેશજી આત્મારામ ઠાકોર, ઉ.વ. ૫૦, તારાપુર, તા. ગાંધીનગર
- સ્વ. રામાજી ધુળાજી ઠાકોર, ઉ.વ. ૬૦, ઈસનપુર ડોડીયા, તા. દહેગામ
- સ્વ. પરમાર કિરીટકુમાર ગફુરભાઈ, ઉ.વ. ૫૬, આદરજમોટી, તા. ગાંધીનગર
- સ્વ. અનસુયાબેન પ્રવિણચંદ્ર પટેલ, ઉ.વ. ૬૨, વાવોલ, ગાંધીનગર
- સ્વ. પટેલ જેઠાલાલ કચરાભાઈ, ઉ.વ. ૮૦, સેકટર-૩૦, ગાંધીનગર